ગાંધીનગર સમાચાર

વધુ ફી વસુલતી ગ્રાન્ટ ઇન શાળાઓ સામે પગલા લેવાશે

# જિલ્લામાં માત્ર ૬૬ ગામ જ ઓડીએફ બની શક્યા

## સ્વચ્છતા મિશનની ઝુંબેશને ગંભીર અસરો : હજુ ૧૩ હજારથી વધુ શૌચાલયો બનાવવાના બાકી છે; સૌથી વધુ દહેગામમાં બાકી; લક્ષ્યાંકને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અંગે તંત્ર દ્વારા ચલાવાઈ રહેલ ઝુંબેશને અંતે માત્ર ૬૬ જ ગામ ઓ.ડી.એફ. જાહેર થઈ શક્યા છે.

જિલ્લાને નિર્મળ બનાવવા તંત્રએ ૨૦૧૭નું લક્ષ્યાંક રાખ્યુ હતુ પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં તંત્રમાં નિરાશા વ્યાપી જવા પામી છે. જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષમાં ૪૦ હજાર જેટલા શૌચાલયો બનાવાયા છે અને આ કામગીરી ચાલુ જ છે પરંતુ ક્રોસ વેરીફીકેશનને અંતે માત્રને માત્ર ૬૬ ગામ જ ઓડીએફ જાહેર થઈ શક્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૫૦ જેટલા ગામોમાં શૌચાલયો ૧૦૦ ટકા થઈ ગયા છે પરંતુ જાહેરમાં શૌચક્રિયા મુક્ત બધા ગામ બની શક્યા નથી.

જિલ્લામાં જાહેરમાં શૌચક્રિયા મુક્ત બનાવવા માટે પણ તંત્રએ ખાસ ઝુંબેશ ચલાવી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે જ પહોંચી લોકોને આમ કરતા અટકાવવા માટે ગુલાબનું ફૂલ પણ અપાતુ હતુ.

જિલ્લામાં ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે હજુ પણ ૧૩ હજારથી વધુ શૌચાલયો બનાવવાના બાકી છે. આમાંથી ૧૦ હજારથી વધુ તો માત્ર ને માત્ર દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ૬૬ જ ગામ ઓ.ડી.એફ. જાહેર થતાં તંત્ર દ્વારા આ ઝુંબેશ અંગે હવે કઈ વ્યુરચના અપનાવવી તે માટે વિચારણાઓ શરૂ

● અનુસંધાન પાન-૭ પર



**વેલેન્ટાઈનની ખરીદીનો માહોલ છવાયો**

વેલેન્ટાઈન ડે એટલે યુવા હૈયાઓને પ્રેમની અભિવ્યક્તિ કરવાનો દિવસ. આ દિવસે યુવાનો પોતાના પ્રિયજનને ગુલાબ, ચોકલેટ્સ તથા અવનવી ગીફ્ટસ આપી પોતાની લાગણીઓ પ્રદર્શિત કરે છે. આજના યુગમાં વેલેન્ટાઈન ડે એ પ્રેમીજનને આપવામાં આવતી ગીફ્ટસમાં અઢળક વેરાયટીઓ બજારમાં ઠલવાઈ જે આ યુવાનોને આકર્ષી રહી છે. અગાઉ ગ્રિટીંગ્સકાર્ડ એક માત્ર પ્રેમની અભિવ્યક્તિ માટે વપરાતુ માધ્યમ હતુ પરંતુ હવે તો કિચેઈનથી માંડીને પર્સ, હાર્ટ રોપ સોફ્ટ ટોયઝ, ગોગલ્સ, રીસ્ટ વૉચ, એક્સેસરીઝ, લકી, ચેઈન, બેલ્ટ, ટેડીબીઅર્સ, સ્માઈલી સ્ટેમ્પસ જેવી અઢળક ચીજવસ્તુઓ બજારમાં મળી રહી છે જે ખરીદવા યુવાનોએ રીતસર ભીડ જમાવી હતી.

# હવામાનની સાનુકૂળતાથી જંતુનાશક દવાનો ઉપાડ ઘટ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝન ૨૦૧૭માં હવામાનની સાનુકૂળતા રહેતાં ખેડૂતો દ્વારા આ વખતે જંતુનાશક દવાઓનો ઓછો ઉપાડ કર્યો છે.

જિલ્લામાં આ વખતે ૬૦ હજાર હેકટર વિસ્તારમાં રવિસીઝનનું વાવેતર થયુ છે. હવામાન પ્રતિકૂળતા હોય તો ખેડૂતો પાકને બચાવવા માટે જંતુનાશક દવાઓનો છંટકાવ કરતા હોય છે.

આ વખતે એકાદ-બે દિવસ દરમ્યાન હવામાનની પ્રતિકૂળ થશે તેવુ લાગ્યુ હતુ પરંતુ પુનઃ હવામાન સીઝનને અનુકૂળ બની જતાં આ વખતે ખેડૂતો દ્વારા જંતુનાશક દવાઓનો ઓછો ઉપાડ થયો છે અને પાક પર પણ તેનો ઓછો છંટકાવ થવા પામ્યો છે.

હવામાનની સાનુકૂળતાને કારણે આ વખતે રવિ સીઝન દરમ્યાન ઉત્પાદન પણ સારૂ મળશે તેવો વિશ્વાસ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

**એસા ભી હોતા હૈ...**

# ગેસ બીલની ચુકવણીમાં ગ્રાહકે કેશિયરને ચિલ્ડ્રન બેંકની ૫૦૦ની નોટ થમાવી દીધી

ગાંધીનગર તા ૧૩

નોટબંધી બાદ સમગ્ર દેશમાં નવી નોટની ડિઝાઈન, રંગ અને આકાર પ્રકાર ચર્ચાનો વિષય છે. ત્યારે રોજબરોજના આર્થિક વ્યવ્હારમાં નોટોની લેવડ દેવડ કરતા નાગરિકો, વેપારીઓ સહીત ખાસ કરીને બેંકના કેશિયરે વિશેષ સાવધાની વર્તવાની અનિવાર્યતા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં ઘ-૨ સ્થિત નાગરિક બેંકની શાખામાં આજે ગેસ બીલની ચુકવણી કરવા આવેલા એક ગ્રાહકે બેંકના કેશિયરને બાળકોને રમવાની રૂ ૫૦૦ની નકલી નોટ પધરાવી દિધી હતી. સિફતાઈપુર્વક નકલી નોટ થમાવીને છુમંતર થઈ ગયેલા ગ્રાહકની ઓળખ માટે કેશિયરે સી સી ટી વી કેમેરાના ફુટેજ અને જુના બીલો ફંફોસવાનુ શરૂ કર્યુ હતુ. નોટબંધી બાદ નવી ચલણી નોટો બજારમાં ફરતી થયા બાદ ઘણીવાર વ્યક્તિ આર્થિક લેવડ દેવડમાં છેતરાઈ જવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. નવી નોટના રંગ, કદ અને આકાર પ્રકાર તદન જુદા જ હોવાથી નવી નોટ આર્થિક વ્યવ્હારોમાં હજુ પણ ચર્ચા સ્થાને છે. જયારે સોશ્યિલ મીડીયામાં અફવાઓની ભરમારના લીધે પણ કોઈપણ વ્યક્તિ નોટની ચકાસણી કરવાનુ મુનાસિબ માને છે. આવા સંજોગોમાં બેંકના કેશિયરને જ આજે એક ગ્રાહકે રૂ ૫૦૦ની નકલી નોટ સિફતાઈપુર્વક પકડાવી દિધી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ઘ-૨ સ્થિત નાગરિક બેંકની શાખામાં આજે સવારે ગેસ બીલની ચુકવણી અર્થે આવેલા એક ગ્રાહકે બેંકના કેશિયરને રૂ ૫૦૦ની એક નોટ ચિલ્ડ્રન બેંકની પધરાવી દીધી હતી. બાળકોને રમવાની આ નોટ અંગે કેશિયરને જાણ થતા સફાળા જાગૃત થયેલા કેશિયરે સી સી ટી વી કેમેરાના ફુટેજ અને જુના બીલો ચકાસવાનુ શરૂ કર્યુ હતુ. આ દરમિયાન અગાઉ ભરાયેલા બીલોની ચુકવણીની યાદી પણ ચકાસી હતી. પણ બચ્ચોવાલી આ નોટનો તાગ મળ્યો ન હતો. આખરે કેશિયરે બાળકોની આ નોટને સાચી માની પોતાના ખિસ્સાના ૫૦૦ જોડવાનો વારો આવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

# આજે કલેક્ટર ઓફિસમાં પ્રથમવાર 'દિશા'ની બેઠક

## સાંસદ જયશ્રીબેન પટેલના અધ્યક્ષપદે બેઠક : સામાન્યતઃ અડવાણી આ બેઠકમાં હાજરી આપવા આવતા હોય છે પણ યુ.પી. ચૂંટણીની વ્યસ્તતાને લઈ તેઓ આ વખતે હાજરી આપશે નહિ : ૨૮ જેટલી કેન્દ્ર પુરસ્કૃત યોજનાનો હિસાબ આ બેઠકમાં રજૂ થશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત ૨૮ જેટલી યોજનાના અમલીકરણની સમીક્ષા આજે પદાધિકારીઓ દ્વારા થશે.

'દિશા'ની આજે સાંસદ શ્રીમતિ જયશ્રીબેન પટેલના અધ્યક્ષપદે બેઠક મળશે. જેમાં ગ્રામ વિકાસ સહિતની ૨૮ જેટલી યોજનાના લક્ષ્યાંકો અને તેમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિ ભૌતિક તેમજ નાણાંકીય બાબતોને લઈ સમીક્ષા થશે.

આ બેઠકમાં સાંસદો, ધારાસભ્યો તેમજ પંચાયતના પ્રમુખો હાજર રહેતા હોય છે. મનરેગા, ઈન્દિરા આવાસ યોજના, જનની સુરક્ષા યોજના, કસ્તૂરબા પોષણક્ષમ સહાય યોજના, વોટર શેડ પ્રોજેક્ટસ સહિતની યોજનાઓ આજે સમીક્ષામાં આવશે.

તંત્ર દ્વારા આ માટે પાવર પોઈંટ પ્રેઝન્ટેશનો તૈયાર કરી દેવામાં આવ્યા છે. છેલ્લે દિશાની બેઠક ઓગષ્ટ-૨૦૧૬માં મળી હતી.

સામાન્યતઃ આ બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી ખાસ ઉપસ્થિત રહેતા હોય છે પરંતુ તેઓ યુ.પી.ની ચૂંટણીને લઈ આ બેઠકમાં હાજરી આપવા નથી આવવાના તેથી હવે આ બેઠક જયશ્રીબેન પટેલના અધ્યક્ષપદે મળશે.

આ બેઠક સરકીટહાઉસને બદલે પ્રથમવાર કલેક્ટર કચેરીમાં મળશે. ગાંધીનગર જિલ્લાનું સંસદમાં પણ સભ્યો પ્રતિનિધિત્વ કરે છે. જેમાં પરેશ રાવલ, લાલકૃષ્ણ અડવાણી અને જયશ્રીબેન પટેલનો સમાવેશ થાય છે. પરેશ રાવલ આવી બેઠકોમાં હાજર રહેતા નથી હોતા જ્યારે અડવાણી ચૂંટણીની વ્યસ્તતાને લઈ આવી રહ્યા નથી. ગાંધીનગર જિલ્લામાં શૌચાલયોના નાણાં નહિ ચુકવાયાનો મુદ્દો કોંગ્રેસી સભ્યો રજુ કરે તેવી શકયતાઓ છે. દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડ વારંવાર આ મુદ્દે રજુઆતો કરી ચુક્યા છે તે ઉલ્લેખનીય છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓ માટે પ્રથમવાર!**

- તમામ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં અત્યંત ઉપયોગી નીવડે તેવાં પુસ્તકોની શ્રેણી
- અગાઉની વિવિધ પરીક્ષામાં પૂછાયેલા ૬૫૦૦+ થી વધુ પ્રશ્નો, પ્રથમવાર, વિષયવાર વર્ગીકરણ અને ઉત્તરો સાથે.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર કરેલ

સાત પુસ્તકોની અભૂતપૂર્વ શ્રેણી...

સામાન્યજ્ઞાન પ્રશ્ન ખજાનો

પુસ્તક મેળવવાનું સ્થળ :
ગુજરાતના દરેક અગ્રગણ્ય પુસ્તક વિક્રેતા જોડે
અથવા રીયા પબ્લિશિંગ હાઉસ, ડી-માર્ટની સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (આણંદ)
Ph. : 02692-237171, Email : riapublishinghouse@gmail.com




# વધુ ફી વસુલતી ગ્રાન્ટ ઈન શાળાઓ સામે પગલા લેવાશે

ગાંધીનગર તા ૧૩

શહેરમાં નિયત કરતા વધુ ફી વસુલતી ગ્રાન્ટેડ ઈન શાળાઓ સામે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કાર્યવાહી હાથ ધરાશે. વિદ્યાર્થીઓ પાસેથી વધુ ફી વસુલવામાં આવી હોય તેવા કિસ્સાઓમાં વધારાની રકમ પરત કરી દેવા સુચના આપવામાં આવી છે. નહીંતર શાળાની ગ્રાન્ટ કાપવા સુધીના પગલા લેવાશે તેમ પણ ડી ઈ ઓ દ્વારા જણાંવાયુ છે.

રાજયમાં ગ્રાન્ટ ઈન શાળાઓ દ્વારા વધુ ફી વસુલવામાં આવતી હોવાની ફરિયાદોને ડામવા માટે હવે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં પણ આવી શાળાઓ સામે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. જે ગ્રાન્ટ ઈન શાળાઓ દ્વારા વધુ ફી વસુલવામાં આવી હોય તેવા કિસ્સામાં શાળા દ્વારા વધારાની ફી ની રકમ ૧૦ દિવસમાં પરત કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડએ આ અંગે જણાંવ્યુ હતુ કે ગ્રાન્ટ ઈન શાળાઓ નિયત ફી કરતા વધુ રકમ વિદ્યાર્થીઓ પાસેથી વસુલતી હશે તો ગ્રાન્ટ કાપવા સુધીના કડક પગલા લેવાશે.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક
માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com